ANNEXURE-III


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ

તકેદારી એકમ, જલસેવા ભવન એરફોર્સ સ્ટેશન સામે,

સેક્ટર-૧૦ /એ, ગાંધીનગર ☎: ૦૭૯- ૨૩૨૫૧૩૬૦ Fax: ૨૩૨- ૨૫૯૭૯

Email: vigilancecell@gmail.com


જા.નં. તકેદારી એકમ/ઇન્સ્પેકશન નોંધ/૧૮૯

તારીખઃ- ૧૯/૦૩/૨૦૧૨

પરિપત્ર

ઇજારદાર મારફતે થતી કામગીરીના ટેન્ડરમાં જે જે બાબતો માટે ઇન્સ્યોરન્સ લેવાની જોગવાઇ કરાયેલ હોય તેના માટે નીચે જણાવ્યા મુજબની જોગવાઇઓ સ્પષ્ટ રુપે કરારખતમાં રાખવાની સૂચના ગુજરાત તકેદારી આયોગ દ્વારા આપવામાં આવેલ છે.

(૧) ઇજારદાર ધ્વારા ચોકકસ સમયમાં ઇન્સ્યોરન્સ લઇને આધાર /પુરાવા સહિત જાણ ન કરાય તો આવા ઇન્સ્યોરન્સ નહી લેવાના કારણે જે કોઇ જવાબદારી ઉભી થશે તેની સંપુર્ણ જવાબદારી ઇજારદારની રહેશે અને તે પટે જે કોઇ રકમની વસુલાત કરવાની જરુર પડે તો ઇજારદારની લ્હેણી નીકળતી કોઇ પણ રકમમાંથી બોર્ડ વસુલ કરી શકશે.

(૨) ઇન્સ્યોરન્સ નહી લેવા બદલ ઇજારદાર પાસેથી બોર્ડ દંડનીય રકમ વસુલ કરી શકશે. દંડનીય રકમ વસુલ કરવા છતાં ઇજારદારની ઇન્યોરન્સ લેવાની જવાબદારી ચાલુ રહેશે, તથા આ જવાબદારીમાંથી તેઓ મુકત થતા નથી.

( મહેશ સિંહ )

સભ્ય સચિવ

નકલ સવિનય રવાના પ્રતિ,

- સેકશન અધિકારીશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગરને તેમના પત્રાંક પીવીઆઇ/૧૯/૨૦૦૮/૧૭૯૫૮૩/ગ, તા.૯/૬/૨૦૧૧ અન્વયે બોર્ડ કરેલ કાર્યવાહી અર્થે જાણ સારૂ.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રી/ સર્વે અધિક્ષક ઇજનેરશ્રી/ સર્વે કાર્યપાલક ઇજનેશ્રી
- માસ્ટર ફાઇલ.

D:\SHIVAJI\V.B.Nagaich-2\પરિપત્ર.doc